# સંગીત, લોકકલા ક્ષેત્રના પુરસ્કારની જાહેરાત

રાજયના સંગીત, નૃત્ય, નાટક અને લોકકલા ક્ષેત્રે વિશિષ્ટ અને ગણનાપાત્ર પ્રદાન કરનાર ગુજરાતના કલાકાઓને ગૌરવ પુરસ્કાર આપવામાં આવશે. ગૌરવ પુરસ્કારમાં રૂ. ૫૧,૦૦૦ની રોકડ રકમ, શાલ અને તામ્રપત્રથી સન્માનિત કરવામાં આવશે.

| કલાકારનું નામ (ક્ષેત્ર) | સ્થળ |
|---|---|
| વિહંગ મહેતા (નાટક) | વડોદરા |
| ડૉ.હેમા કપિલદેવ શુક્લ (નાટક) | સુરત |
| અદિતી દેસાઈ (નાટક) | અમદાવાદ |
| હેમંત પન્નાલાલ ગાંધર્વ (સંગીત) | સુરત |
| શંભૂ કે મહેતા (સંગીત) | અમદાવાદ |
| અતૂલ પુરોહિત (સંગીત) | વડોદરા |
| હેમાદ્રી ઉદયન (નૃત્ય) | અમદાવાદ |
| ડૉ.નિખિલ ભટ્ટ (નૃત્ય) | રાજકોટ |
| ઋચા ભટ્ટ (નૃત્ય) | અમદાવાદ |
| શાબબુદીન રાઠોડ (લોકકલા) | થાન (રાજકોટ) |
| બળદેવભાઈ દલસુખભાઈ નાયક (લોકકલા) | ગાંધીનગર |
| રઘુવીર નરહરદાન કુંચાલા (લોકકલા) | ભાવનગર |

# પ્રાઈવેટ કોલેજોને નીટની સાથે જ આગળ વધવું પડશે : સુપ્રીમ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તેવા એક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે ઠેરવ્યું હતું કે નેશનલ ઈલિજીબિલીટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ)ને ચાલુ રાખવામાં આવશે પરંતુ સરકારી મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે રાજ્ય સ્તરની કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (સીઈટી)ને પણ મંજુરી આપવામાં આવી શકે છે. ખાનગી કોલેજો, ડિમ્ડ યુનિવર્સિટી અને એસોસિએશનને તેમના પોતાના અન્ડરગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ પ્રવેશ પરીક્ષા યોજવાની મંજુરી અપાશે નહીં. તેમને નેશનલ ઈલિજીબિલીટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટને અમલી બનાવવાની જરૂર પડશે. જો કે, સરકારી મેડિકલ કોલેજો માટે રાહત આપવામાં આવી છે. જો કે, આ સંદર્ભમાં સોમવારના દિવસે જ કોઈ બાબત નક્કી થાય તેમ માનવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે, નીટમાંથી ખાનગી મેડિકલ કોલેજો માટે કોઈપણ મુક્તિ રહેશે નહીં. જસ્ટિસ અનીલ આર દવેના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે સંકેત આપ્યો હતો કે, સરકારી મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે સેટને મંજુરી આપવામાં આવી શકે છે.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



'એવા કોઈ યે કાંટા નથી કે અણી ન હો, એવા ઘણાંય ફૂલો છે, જેમાં મહક નથી.' કવિ શ્રી બરકવ વીરાણી 'બેફામ' આ કાંટાઓની શુદ્ધતા અને અસલિયત પર ઓવારી ગયા છે. તો ગની દહીંવાલાએ તો પોતાનું જીવન કાંટાઓથી સજાવ્યું છે. તેઓ લખે છે, 'વિપદના કંટકોને પુષ્પો બનાવીને, જીવનની ફૂલદાની એમ બેઠો છું સજાવીને.' કાંટા હોવા છતાં ઈર્ષાનું કેન્દ્ર બન્યાં છે, કારણ કે તેમનો વાસ ફૂલોમાં છે. 'મરીઝ' લખે છે, 'હરીફોને આ મારો રંગ કાંટા જેમ ખૂંચે છે, કે હું શબનમ નથી તો યે છે ફૂલોમાં જગા મારી.' આ કાંટા ન્યાય કરવાનો કાંટો પણ છે. શૂન્ય પાલનપુરી લખે છે, 'ઉપવનને લૂંટાવી દેવાનો આરોપ છે કોના જોબન પર ? કાંટાની અદાલત બેઠી કાં લેવાને જુબાની ફૂલોની.' આજે આ કુદરતી, સુંદર અને શુદ્ધ સાચા કંટકો આપના માટે...

# વન વિભાગ દ્વારા ચ-માર્ગ પરથી દબાણો હટાવાયા

## લારી-ગલ્લા, રસનું કોલુ, પાથરણા પાથરીને ઉભા રહેતા હેલ્મેટના વેપારીઓ સહિત કુલ-૧૫ દબાણો દુર કરાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં લારી-ગલ્લાના દબાણે અજગરી ભરડો લીધો છે. દબાણને પગલે ટ્રાફીકની સમસ્યા પણ શહેરમાં ગંભીર બની છે. તો બીજી તરફ વનવિભાની ફેન્સીંગને નુકશાન પહોંચાડીને દબાણ કરતા લારી-ગલ્લા ધારકો સામે આજે વનવિભાગની ટીમે ચ માર્ગ પર સપાટો બોલાવ્યો હતો. ચ માર્ગ પરથી ૧૦ લારી-ગલ્લા, પાથરણા પાથરીને બેસતા હેલ્મેટના વેપારીઓ સહિત ઉનાળાની સિઝન શરુ થતા જ આવી જતા રસના કોલાવાળાને પણ વન વિભાગની ટીમે બક્ષ્યા નથી. સવારથી જ વનવિભાગે લાલ આંખ કરતા ૧૫ દબાણો દુર કરતા દબાણકર્તાઓમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો હતો.ત્યારે વનવિભાગ અઠવાડીયામાં બે વાર ગમે ત્યારે ગમે તે માર્ગ પરના દબાણો દુર કરવા ત્રાટકશે.

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર દબાણકારોના અડીંગા જોઈ અધિકારીઓ પણ દંગ રહી જાય છે. દબાણનો પ્રશ્ન અત્યારના સમયે તંત્રના દરેક અધિકારીના માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. ત્યારે આજે મુખ્ય વન સંરક્ષણ અધિકારીએ શહેરમાંથી દબાણ દુર કરવાની સુચના આપતા વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ કામે લાગી ગયા હતા. આગામી સમયમાં શહેરને ગ્રીનસીટી બનાવવા ફરીથી વનવિભાગની જગ્યામાં ખાડા ખોદવામાં આવ્યા છે. તેમાં ટુંક સમયમાં પ્લાન્ટેશન કરવામાં આવશે. જેને પગલે વનવિભાગની આરક્ષિત જગ્યામાં દબાણ કરીને બેઠેલા તમામ દબાણકારોને હટાવી દેવામાં આવશે. શહેરના ચ માર્ગ પર વનવિભાગની જગ્યામાં દબાણ કરીને ઉભેલા લારી-ગલ્લા, રસના કોલા તેમજ પાથરણા પાથરી હેલ્મેટ વેચતા વેપારીઓ સહિતના કુલ ૧૫ દબાણો દુર કરાયા છે. વનવિભાગના તંત્ર દ્વારા શહેરમાં આગામી સમયમાં અઠવાડીયામાં બે વાર દબાણટીમ ત્રાટકશે. અચાનક દબાણવિભાગની ટીમ ત્રાટકતા દબાણકારોમાં ફફળાટ ફેલાયો છે. ત્યારે વનવિભાગની સુંદર કામગીરીને પણ નગરજનોએ બિરદાવી છે.





## ગુજરાતમાં ૨૦૩ પૈકી માત્ર ૪ બંધમાં જ પુરતુ પાણી છે

ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તરીય ભાગોમાં પાણીની તીવ્રકટોકટી પ્રવર્તી રહી છે ત્યારે લોકોની હાલત કફોડી બની ગઈ છે. ગુજરાતમાં નામ માત્રના ચાર બંધમાં જ પાણીનું પ્રમાણ હવે ૫૦ ટકાથી વધારે રહી ગયું છે. રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં ૨૦૩ બંધ પૈકી ૯૬ બંધ સંપૂર્ણપણે સુકાઈ ગયા છે અને એક ટકાથી પણ ઓછુ પાણી રહી ગયું છે જ્યારે ૪૩ બંધમાં ૧૦ ટકા અથવા તો તેનાથી પણ ઓછુ પાણી રહી ગયું છે. કુલ સ્ટોરેજ ક્ષમતાની સરકખામણીમાં આ બંધમાં પાણીનું પ્રમાણ ખુબ ઓછુ રહી ગયું છે. એકંદરે ગુજરાતમાં ૨૦૩ બંધમાં ૨૧૦૨૯.૬૦ મિલિયન ક્યુબિક મીટર (એમસીએમ)ની સ્ટોરેજ ક્ષમતા સામે ૩૮.૫૭ ટકા પાણી રહી ગયુંછે. નર્મદા બંધમાં જ એક માત્ર પુરતા પ્રમાણમાં પાણી છે. નર્મદા બંધમાં ૮૫ ટકા ફુલ સ્થિતિ રહેલી છે.

## ટેન્ડર નોટીસ

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
RamKrushna Paramhans Education Complex,
KH-Road, Sector-16, GANDHINAGAR-382016

આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર સ્કીલ એન્ડ ટ્રેનીંગ સેન્ટર ખાતે સફાઈ કામગીરી માટે ટેન્ડરની વિગતો www.iite.ac.in વેબસાઈટ ઉપરથી ઉપલબ્ધ થશે. સંબંધિત પાર્ટીઓએ હાર્ડ કોપીમાં ટેન્ડર ભરવાનું રહેશે.

| ક્રમ | ટેન્ડર કામની વિગત | તારીખ અને સમય |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવવાની મુદત | ૭/૫/૨૦૧૬થી ૨૧/૫/૨૦૧૬ સમય : સાંજે ૬.૦૦ સુધી |
| ૨. | ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને દસ્તાવેજો રજૂ કરવાની મુદત | ૨૩/૫/૨૦૧૬ સમય : સાંજે ૬:૦૦ સુધી |
| ૩. | ટેકનીકલ બીડ ઓપનીંગ | ૨૫/૫/૨૦૧૬ સમય : બપોરે ૨:૦૦ કલાકે |
| ૪ | અંદાજિત રકમ | ૩.૦૦ (લાખ) |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૭/૫/૨૦૧૬

કા. કુલસચિવ
આઈ.આઈ.ટી.ઈ.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચુકડી જાહેર ખબર દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

## ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. સૌરાષ્ટ્રમાં વરસાદના પરિણામ સ્વરુપે કેરીના પાકને ભારોભાર નુકસાન થયું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૯ રહ્યું હતું. જ્યારે સૌથી વધુ ગરમીનો અનુભવ રાજકોટમાં ૪૦.૯ રહી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં હવામાનમાં એકાએક પલટો આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ઉત્તરભારતના હરિયાણા, પંજાબ અને ઉત્તર રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ અને અપરએર સર્કયુલેશન સિસ્ટમ સર્જાતા ઉત્તરભારતના તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રતિ કલાકના ત્રીસ કીલોમીટરની ઝડપથી ડસ્ટસ્ટ્રોમની અસર જોવા મળી હતી. બીજી તરફ આ અસર એટલી તીવ્ર હતી કે નોર્થ રાજસ્થાનમાં સર્જાયેલ ડસ્ટ સ્ટ્રોમને લઈ રાજસ્થાનથી ધૂળની ડમરી છેક ગુજરાત સુધી આવી પહોંચી હતી.

## ભાજપની સત્તા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આક્ષેપોનો મારો કરી દગાખોર, સત્તાલાલસુ જેવા શબ્દપ્રયોગો કરી અને વાતાવરણને ગરમાવી દીધુ હતુ.

બીજી તરફ મ્યુનિ. કમિશનરશ્રીએ મતદાનની જાહેરાત કરી હતી. આ પછી તેમણે જાહેરાતમાં કહ્યું હતું કે ગણતરીદાર તમારા ટેબલ પર આવે ત્યાં સુધી તમારે હાથ ઉંચો રાખવાનો રહેશે અને તેની વિડીયોગ્રાફી થશે. હો-હા વચ્ચે મતદાનનો પ્રારંભ થયો હતો. જેના પ્રારંભ પૂર્વે કોંગ્રેસ વતી મેન્ડેટનું વાંચન જીતુ રાયકાએ કર્યુ હતુ, જ્યારે ભાજપના મનુભાઈ પટેલે જાહેર કર્યું હતું કે અમે અમારા સભ્યોને મેન્ડેટ આપી દીધો હોવાથી પુનઃ બજાવવાનો કે વાંચવાની જરૂરિયાત નથી.

આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ કરવાની જાહેરાત કરી કમિશનરશ્રીએ મતદાનની પ્રક્રિયા હાથ ધરી હતી. ભાજપ તરફથી મેયર તરીકે પ્રવિણ પટેલના નામની દરખાસ્ત રજુ થઈ હતી જેમની તરફેણમાં ૧૭ મત પડ્યા હતા. જ્યારે કોંગ્રેસ તરફથી મેયર તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલાના નામની દરખાસ્ત રજુ થઈ હતી જેમની તરફેણમાં ૧૫ મત પડ્યા હતા.

કમિશનરશ્રીએ પરિણામ જાહેર કરતાં પ્રવિણ પટેલને મેયર તરીકે ચૂંટાયેલા જાહેર કરી મેયરનુ પદ સંભાળી અને ડે. મેયર તેમજ સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું હતું. હો-હા અને ધાંધલ-ધમાલ વચ્ચે પ્રવિણ પટેલે મેયરપદ સંભાળી ડે. મેયરની ચૂંટણી હાથ ધરી હતી. ભાજપ તરફથી ડે. મેયર તરીકે દેવેન્દ્રસિંહ ચાવડાના નામની દરખાસ્ત રજુ કરાઈ હતી તો કોંગ્રેસ તરફથી જીતુ રાયકાના નામની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી.

આ પછી મતગણના હાથ ધરાઈ હતી. ડે. મેયરની ચૂંટણીમાં મેયર તરીકે સ્થાન લેનાર પ્રવિણ પટેલ મતદાનથી અળગા રહ્યા હતા. મતગણનાને અંતે પરિણામ જાહેર કરતાં ભાજપના દેવેન્દ્રસિંહ ચાવડાની તરફેણમાં ૧૬ અને કોંગ્રેસના જીતુ રાયકાની તરફેણમાં ૧૫ મત પડતાં દેવેન્દ્રસિંહ ચાવડાને વિજયી જાહેર કરાયા હતા.

આ પછી સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણીમાં પણ રીટાબેન પટેલ અને પ્રીતિ ધવલ દવેએ રજુ કરેલ દરખાસ્તનો બહુમતિથી ગૃહે સ્વીકાર કરી સભાની કામગીરી સંપન્ન થયાની જાહેરાત મેયર શ્રી પ્રવિણ પટેલે કરી હતી. આજના જંગમાં ભાજપાનો ભગવો લહેરાયો પણ સત્તાના સૂત્રો સંભાળતા ભારત માતાકી જય, વંદેમાતરમના સૂત્રો કાર્યકર્તાઓએ કે ચૂંટાયેલા સભ્યોએ બોલવાનું ટાળ્યું હતું.

## કોંગ્રેસ આક્રમક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. મારામારી અને અશોભનીય શબ્દપ્રયોગ સાથે પ્રવિણ પટેલ પર પણ ગંભીર આક્ષેપો કર્યા હતા.

કોંગ્રેસના સભ્યો ઉશ્કેરાટમાં ઘણુ બધુ ભાન ગુમાવી બેઠા હતા. એક તરફ તેમણે અશોભનીય ઉચ્ચારણો અને તંત્ર પરના આક્ષેપોને લઈ રાજકીય ગરમાવો વધુ જોવા મળ્યો હતો.

## જુથબંધી જ નડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો પરંતુ પ્રજા, મિત્રો અને શુભેચ્છકોની લાગણીથી હું વિજયી થયો હતો. તેમણે એમ કહ્યું હતું કે આજે સવારે પણ મેં પક્ષની નેતાગીરીને યોગ્ય નિર્ણય લેવા કહ્યુ હતુ પરંતુ કોંગ્રેસની નેતાગીરી તેના નિર્ણયમાં અડગ રહેતાં મેં ભાજપમાં ઘરવાપશી કરી છે. ચૂંટણી દરમ્યાન તમે ભાજપના ધારાસભ્ય સામે આક્ષેપો કરતા હતા ધારાસભ્ય તમારી સામે આક્ષેપ કરતા હતા આજે શું થયું? ત્યારે પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે અમારી રાજકીય લડાઈ હતી અને પક્ષની જવાબદારી જે હતી તે અદા કરતા હતા.

ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલે જણાવ્યુ હતુ કે આજે પ્રવિણ પટેલની ઘરવાપસી થઈ છે. પ્રવિણભાઈ અમારા હતા અને હવે અમારા થઈ ગયા છે તેનો ઉત્સાહ અમારા તમામ કાર્યકર્તાઓમાં તમે જોઈ શકો છો. ભાજપ હંમેશા ઉછીના લઈ ગાંધીનગરમાં સત્તા મેળવે છે તેવા આક્ષેપનો તેમણે ઈન્કાર કરતાં કહ્યું હતું કે આ વાત ખોટી છે. પ્રવિણભાઈએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી સ્વેચ્છાએ અમારામાં જોડાયા છે અને ૧૦ સવર્ણોની અનામતના નિર્ણયને આવકાર્યો છે એટલુ જ નહિ મુખ્યમંત્રીએ રાજ્યના વિકાસ માટે લીધેલા તમામ પગલાંઓને આવકાર્યા છે. શ્રી કે.સી. પટેલે જણાવ્યું હતું કે સામાન્ય ચૂંટણીમાં પણ અમે અમારી તાકાતમાં વધારો કર્યો છે. પ્રવિણભાઈ પુનઃ ભાજપમાં આવતા અમારી તાકાતમાં વધારો થયો છે.

આજે મતદાન અને સામાન્ય સભાની બેઠક સંપન્ન થઈ ત્યાં સુધી ભાજપના પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી. પટેલ, નિરીક્ષક અને પ્રભારી રમીલાબેન બારા, ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે સહિતના નેતાઓ મનપાની કચેરીમાં હાજર રહ્યા હતા.

## મારામારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાળાગાળી કરી છુટા હાથની મારામારી કરવામાં આવી હતી. પોલીસે માંડ મામલો શાંત પાડી સામાન્ય સભાના હોલમાં પ્રવિણ પટેલને પ્રવેશ અપાવ્યો હતો. મેયર પદ માટેની કાર્યવાહી આજે બહુમાળી ભવનમાં ચોથા માળે હતી. જેને લઈ કયો પક્ષ સત્તા પર આવશે તે અંગે ચૂંટણીના પરિણામના દિવસથી જ ચર્ચાએ જોર પકડ્યું હતુ. દરમ્યાન આજે પક્ષ પલ્ટો કરીને કોંગ્રેસમાંથી ચૂંટાઈને આવેલા કોર્પોરેટર પ્રવિણભાઈ પટેલ ભાજપમાં જોડાઈ ગયા..! રોષે ભરાયેલા કોંગ્રેસના કોર્પોરેટર્સોએ મેયર કાર્યાલય બહાર જ પ્રવિણ પટેલને રોકીને હાથાપાઈ કરી હતી. ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે સહિતના ભાજપના નેતાઓ પ્રવિણ પટેલને લઈને મેયર કાર્યાલય ખાતે લઈને આવ્યા ત્યારે ત્યાં નેતાઓ સાથે પણ ગાળાગાળી અને ઝપાઝપી થવા પામી હતી. જો કે પોલીસે મામલો થાળે પાડી દીધો હતો. તો બીજી તરફ કંપાઉન્ડમાં પણ જશુભા તથા તેમની ટોળકીને પ્રવેશ ન અપાતા પોલીસ સાથે ચકમક ઝરી હતી. તે સમયે ભાજપના કાર્યકરોએ ભારત માતા કી જયના નારા બોલાવતા ભાજપ-કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી ગયા હતા. પોલીસે દરમ્યાનગીરી બંનેને છુટા પાડ્યા હતા.

## ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

પહોંચવા સારું કરોડો રુપિયા જોઈએ ને ઘણો કાળ વીતે. એટલે લોકશિક્ષણનો ને ગ્રામસુધારણાનો વિચાર કરતાં આપણે દેશની અત્યંત ગરીબાઈને યાદ રાખ્યે જ છૂટકો છે. આવી બાબતો વિશેના આપણા વિચારો આપણે પરદેશોને લૂંટીને ધનાઢ્ય થયેલી પ્રજા પાસેથી ભાડે ન લીધા હોત તો, અને આપણમાં ખરી જાગૃતિ પેદા થઈ હોય તો, ગામડાંના વાન ક્યારનાં બદલાઈ ગયા હોત.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ